* H F - 1 9 0 1 0 1 0 1 0 1 0 6 2 2 0 2 *

Seat No. _____________

# HF-1901010101062202

## B. A. (Sem. VI) Examination

**April - 2023**

## Gujarati

**ગુજરાતી વ્યાકરણ સર્જન લેખન કૌશલ્ય–6**

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours / Total Marks : **70**

**સૂચના :** (1) કોઈપણ પાંચ પ્રશ્નોના જવાબો લખો.

(2) દરેક પ્રશ્નનાં ગુણ સરખા છે.

(3) પાંચમાં પ્રશ્નમાં બે ટૂંકનોંધના જવાબો લખવાના રહેશે.

**1** નીચે આપેલ કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : **14**

આ તરફ ભીની દીવાસળી છે, ઓ તરફ તાતા વંટોળિયાઓ,
આપણે સહુના ઘરમાં ઠરેલા પાછા પેટાવવા છે દીવાઓ.
જેઓ પોતાના દિવસ ને રાતો ડૂસકે ડૂસકે વેડફે છે,
ક્યાંથી એવા બધા માણસોને એના લાવી દઈએ ખુદાઓ?
કોઈ ચક્લીનું ઈંડું ફૂટે તો ફૂટી જાનાર માણસોને કહે જો,
કે, લડે છે અણુબોમ્બ સામે કૂંપળો તાકીને, ઝાડવાઓ.
હુ ચમત્કાર એને ગણું છું. - થાય છાતીનો તરજુમો ફૂલમાં,
સત્ય જેનું સુગંધી-સુગંધી, વિશ્વ જેનું હવાઓ-હવાઓ!
દીવાદાંડીની પેઠે ફૂલો પમ મહેંકી મટેંકીને અજવાળું આપે,
એમ સમજીને ઉદાસીના દરિયા પાર કરવાના છે મનસુબાઓ.
જે સ્વયંને હણી નાખવાની જાત સામે ઉગામે મુમૂર્ષા,
એને હથિયાર હેઠું મુકાવે એવી ક્યારે લખાશે ગીતાઓ?

**- કવિ : રમેશ પારખ**

**પ્રશ્નો :**

(1) દિવસ-રાત ડુસકાં ભરવામાં સમય વેડફી નાખતાં લોકો માટે કવિ શું કહે છે?

(2) કવિ કઈ બાબતને ચમત્કાર ગણે છે?

(3) કવિ કેવા મનસૂબાઓ ધરાવે છે?

(4) કવિ કેવી ગીતાઓ લખાય, એવું ઈચ્છે છે?

(5) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

**અથવા**

1 નીચે આપેલ કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : **14**

નવ કરશો કોઈ શોક, રસીકડાં, નવ કરશો કોઈ શોક.....ટેક....
યથા શક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી.... રસીકડાં....
પ્રેમી અંશને રુદન આવશે, શઠ હરખાશે મનથી..... રસીકડાં.....
મર્મ ન સમજે બકે શંખ શઠ, વાંકુ ભણે બહુ પણથી....રસીકડાં.....
એક પીડમાં બીજી ચીડથી, જળશે જીવ અગનથી....રસીકડાં.....
હતો દુ:ખિયો થયો સુખિયો, સમજો છૂટ્યો રણથી....રસીકડાં.....
મુઓ હું, તમે પણ મરશો, મુક્ત થશો જગ-તમથી....રસીકડાં.....
હરિકૃપાથી મમ લેખચિત્રથી, જીવતો છઉં હું દમથી....રસીકડાં.....
વીર સત્યને રસિક ટેકીપણું, અરિ પણ ગાશે દિલથી.....રસીકડાં.....
જુદાઈ-દુ:ખ તે નથી જ જવાનું, જાયે માત્ર મરણથી.....રસીકડાં.....
મરણપ્રેમીને ખચીત મોડું છે, દુ:ખ વધે જ રુદનથી.....રસીકડાં.....
જગતનીમ છે, જન્મમરણનો, દઢ રહેજો હિંમતથી.....રસીકડાં......
મને વિસારી રામ સમરજો, સુખી થાશો એ લતથી.....રસીકડાં.....

**- કવિ : નર્મદ**

**પ્રશ્નો :**

(1) કવિ શો અવસાન સંદેશ આપે છે? કોને આપે છે?
(2) પોતાના જીવનકાળમાં પોતે શું કર્યુ, એમ કવિ કહે છે?
(3) પોતાના મૃત્યુથી કોના-કોના પર કેવી પ્રતિક્રિયા થશે એમ કવિ કહે છે?
(4) મૃત્યુ પછી કવિ શેમાંથી છૂટશે? શેનાથી મુક્ત થશે?
(5) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

2 નીચે આપેલા ગદ્યખંડના આધારે આપેલા પ્રશ્નોનાં જવાબ લખો. **14**

''કોઈપણ દેશનો ઈતિહાસ એટલે માટે ભાગે ત્યાંના રાજાઓનો ઈતિહાસ, રાજાઓ એકબીજા ઉપર આક્રમણ કરતા રહેતા, એથી યુદ્ધો ચાલ્યાં જ કરતા. આમ ઈતિહાસ એટલે મુખ્યત્વે હિંસાનો ઈતિહાસ.

પરંતુ માનવજાતિ માત્ર હિંસામાં જ મશગૂલ રહી હોત તો દુનિયાનો ક્યારનો નાશ થઈ ગયો હોત. દુનિયા બચી શકી છે, એનું કારણ એ છે કે હિંસાની સાથે-સાથે અહિંસા પણ બરાબર રહી છે. જેમ હિંસાનો ઈતિહાસ છે તેમ અહિંસાનો પણ ઈતિહાસ છે. અહિંસાના ઉદ્‌ભવની વાત કરવી હોય તો કૃષ્ણથી જ કરવી જોઈએ. મહાભારતનું યુદ્ધ ટાળવા એમણે ભરચક કોશિશ કરી. પાંડવોના દૂત બનીને

કૌરવસભામાં ગયા. પરંતુ દુર્યોધનના હઠાગ્રહને લીધે યુદ્ધ ટાળી ન શકાયું. પોતાની વિશાળ સેના કૌરવોને આપી પોતે પાંડવોની સાથે રહ્યા. પરંતુ શરત એ રાખી કે 'હું શસ્ત્ર નહીં ઉપાડું'.

આમ કહીને પાંચ હજાર વર્ષ પહેલાં કૃષ્ણે દુનિયાને એક મહત્ત્વપૂર્ણ સંદેશ આપ્યો. ''હિંસા ભલે અનિવાર્ય હોય, પરંતુ શ્રેષ્ઠ તો અહિંસા જ છે.''

**- લે. : અમૃતલાલ વેગડ**

**પ્રશ્નો :**

(1) આટલાં યુદ્ધો પછી પણ દુનિયા બચી શકી છે. કારણ કે (કારણ આપો)

(2) અહિંસા ઉદ્ભવની વાત આપણે કોના નામ સાથે કરવી જોઈએ?

(3) મહાભારતનાં યુદ્ધમાં પાંડવોની સાથે કૃષ્ણે કઈ શરત રાખી હતી?

(4) આજથી પાંચ હજાર વર્ષે કૃષ્ણે દુનિયાને શો સંદેશો આપ્યો હતો?

(5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**અથવા**

**2** નીચે આપેલા ગદ્યખંડના આધારે આપેલા પ્રશ્નોનાં જવાબ લખો. **14**

શિક્ષણ અને સંસ્કાર એક જ સિક્કાની બે બાજુ છે. સાચો સિક્કો બન્ને બાજુએ ઉજળો હોય. શાળાઓ અને કોલેજો શિક્ષણ આપે અને સમાજ શિક્ષણ આપે તેવી જવાબદારીની વહેંચણી બરાબર નથી. સાર્થક કે અસરકારક પણ નથી. શિક્ષણ-પ્રદાન અને સંસ્કાર ઘડતર એ એક સાથે સતત ચાલતી, પરસ્પર સંકળાયેલી પ્રક્રિયાઓ છે. જો આમ જ હોય તો સારી શિક્ષણ વ્યવસ્થા ઉમદા સામાજિક વ્યવહારો તથા મૂલ્યોનાં સંવર્ધનમાં કેમ પરિણમી નથી? શિક્ષણે સારા-નરસાની સમજ માટે વિવેકબુદ્ધિ આપવી જોઈએ અને સંસ્કારે સારાનું સન્માન અને નરસાનો તિરસ્કાર કરવાનું બળ આપવું જોઈએ. સારા તરફની ઉદાસીનતા કરતાં નઠારાનું સન્માન વધુ ખતરનાક છે. જે નઠારા છે, જે સમાજમાં અનિષ્ટોને સેવીને બળૂકાં થયા છે, તેમનો સામાજિક બહિષ્કાર થાય.''

**- લે. : કાકાસાહેબ કાલેલકર**

**પ્રશ્નો :**

(1) કઈ સામાજિક જવાબદારીની વહેંચણી બરાબર નથી?

(2) એક સાથે સતત ચાલતી, પરસ્પર સંકળાયેલી પ્રક્રિયાઓ કઈ છે?

(3) શિક્ષણ અને સંસ્કાર દ્વારા કઈ સમજ અને બળ મળે છે?

(4) કેવા લોકોનો સામાજિક બહિષ્કાર થવો જોઈએ?

(5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

3 નીચે આપેલ કાવ્યનું રસદર્શન કરો : 14

વૈશ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે......
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે,
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ, કાછ મન નિશ્ચળ રાખે, ધન-ધન જનની તેની રે.....
સમદષ્ટિને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે...
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે....
મોહ માયા વ્યાપે નહીં તેને, દઢ વૈરાગ્ય જેના મનમાં રે.....
રામનામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે......
વણલોભીને કપટરહિત છે, કામક્રોધ નિવાર્યા રે....
ભણે નરસૈયો તેનું દરશન કરતાં, કુળ ઈકોતેર તાર્યા રે......

**- કવિઃ નરસિંહ મહેતા**

**અથવા**

3 નીચે આપેલ કાવ્યનું રસદર્શન કરો : 14

રચો, રચો, અંબરચુંબી મંદિરો,
ઉંચા ચણો મ્હેલ, ચણો મિનારા!
મઢો સ્ફટિકે, લટકાવો ઝુમ્મરો,
રંગે ઉડાવો જળના ફુવારા!
રચો, રચો ચંદનવાટિકાઓ,
ઊંડા તળાવો ભવરંગ ઘુમ્મટો
ને કૈંક કીડાંગણ, ચંદ્રશાળા
રચો ભલે,.....
અંતર - રૂંધતી શિલા
એ કેમ ભાવિ બહુકાળ સાંખશે?
દરિદ્રની એ ઉપહાસ લીલા
સંકેલવા, કોટિક જીભ ફેલતો
ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે,
ખંડેરની ભસ્મકણી ન લાધશે...

**- ઉમાશંકર જોશી**

4 વ્યંજનસંધિ સમજાવી તેના નિયમો જણાવો. **14**

**અથવા**

4 સ્વરસંધિ સમજાવી તેનાં નિયમો જણાવો. **14**

5 નીચે આપેલા શબ્દોનાં સંધિવિગ્રહ કરો : (ચારમાંથી કોઈ **બે**) **14**

(1) અત્યાનંદ, પ્રત્યેક, પ્રસંગોચિત, જગન્નાથ, સૂર્યોદય, રમેશ, સન્માર્ગ.

(2) જીવાત્મા, હરીચ્છા, દયાનંદ, તલ્લીન, ઉજ્જ્વલ, શબ્દાર્થ, વિદ્યાભ્યાસ.

(3) વનૌષધિ, દિગ્વિજય, જગદંબા, ગંગોર્મિ, ઋષિશ્વર, કવીન્દ્ર, વિદ્યાર્થી.

(4) ઉપેન્દ્ર, લઘુર્મિ, ગુરૂત્તમ, દેવેચ્છા, રેખાકૃતિ, શિવાલય, નિશ્ચલ.

---